ઉચ્ચક બીલથી નાણાં ઉપાડવા અંગેની વર્ગીકૃત યાદીમાં ઉમેરો કરવા બાબત.

ગુજરાત સરકાર

મહિલા અને બાળ વિકાસ વિભાગ

**ઠરાવ ક્રમાંક :** WCDD/IMR/e-file/23/2022/1340/B (ICDS)

સચિવાલય,ગાંધીનગર

**<u>વંચાણમા લીધા:-</u>**

(૧) નાણાં વિભાગના પરિપત્ર ક્ર:તજર-૧૦૦૨-૪૩૫-ઝ તા.૩૦/૦૪/૨૦૦૨

(૨) મહિલા અને બાળ વિકાસ વિભાગનો તા. ૨૯/૦૩/૨૦૦૮ નો ઠરાવ ક્રમાંક : આઈસીડી/૧૦૨૦૦૭/૭૧૪/બ

(૩) મહિલા અને બાળ વિકાસ વિભાગનો તા. ૧૩/૧૦/૨૦૧૭ નો ઠરાવ ક્રમાંક : આઈસીડી/૧૦૨૦૧૭/૮૫૬/બ.

(૪) નિયામકશ્રી,આઈસીડીએસનો ૨૧/૩/૨૦૨૩નો પત્રનં.IF-3/આઈસીડીએસ/બાં./૧૧૬૦૩/૨૦૨૩.

**<u>ઠરાવ:-</u>**

વંચાણે લીધેલ ક્ર: (૧) ના પરિપત્ર દ્વારા વહીવટી વિભાગોને તેમના નિયંત્રણ હેઠળના ઉપાડ અને ચુકવણી અધિકારી દ્વારા કઈ કઈ બાબતો માટે ઉચ્ચક બીલના નાણાં ઉપાડી શકે છે,તે બાબતોને વર્ગીકૃત કરીને તે અંગેની યાદી બહાર પાડવા જણાવવામાં આવેલ છે. તદ્અન્વયે વંચાણે લીધેલ ક્ર: (૨) અને (૩) ના ઠરાવોથી મહિલા અને બાળ વિકાસ વિભાગ હેઠલ અમલીકૃત સંકલીત બાળ વિકાસ યોજના અંતર્ગત તિજોરી નિયમો-૨૦૦૦ ના નિયમ-૨૧૦ હેઠળની સુચના મુજબ ઉચ્ચક બીલથી નાણાં ઉપાડવા અંગેની વર્ગીકૃત યાદી બહાર પાડવામાં આવેલ છે. વંચાણે લીધેલ ક્ર: (૪) ના નિયામકશ્રી (આઈસીડીએસ),કમિશનર,મહિલા અને બાળ વિકાસ કચેરી, ગાંધીનગરની તા.૨૧/૦૩/૨૦૨૩ ના પત્ર અન્વયે ઉચ્ચક બીલથી નાણાં ઉપાડવા માટેની વર્ગીકૃત યાદીમાં ઉમેરો કરવા દરખાસ્ત કરેલ છે.

નિયામકશ્રી(આઈસીડીએસ),કમિશ્નર,મહિલા અને બાળ વિકાસ કચેરી,ગાંધીનગરની દરખાસ્ત અન્વયે ઉચ્ચક બીલથી નાણાં ઉપાડવા માટેના વર્ગીકૃત યાદીમાં નીચેના વિષયોનો ઉમેરો કરવાનું આથી ઠરાવવામાં આવે છે.

(૧) આંગણવાડી કેંદ્રોમાં વિજળી બિલ્સના નાણાંની ચુકવણી દર ત્રણ માસે રૂ.૨.૫૧ કરોડના હપ્તામાં ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ દ્વારા જે એજન્સી સુચવવામાં આવે તેને એડવાન્સ ચુકવણું કરવાની રકમ.

(૨) અમદાવાદ, ગાંધીનગર અને સુરત જિલ્લાની આંગણવાડી કેંદ્રોમાં વિજળી બિલ્સના નાણાંની ચુકવણી દર ચાર માસે રૂ.૩,૬૦,૦૦૦/- ના હપ્તામાં ટોરેન્ટ પાવર લિમિટેડ ને એડવાન્સ ચુકવણું કરવાની રકમ.

ઉપરોકત જણાવેલ બાબતની મંજુરી નાણાં વિભાગના તા.૩૦/૦૪/૨૦૦૨ના પરિપત્ર ક્ર:તજર/ ૧૦૦૨/૪૩૫/ઝ ની સુચનાઓને ધ્યાને રાખીને બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

***e-signed***

(સતિષ પટેલ)
સેકશન અધિકારી,
મહિલા અને બાળ વિકાસ વિચાગ

પ્રતી,

- કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસની કચેરી, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
- નિયામકશ્રી (આઈસીડીએસ) કમિશ્નરશ્રી મહિલા અને બાળ વિકાસની કચેરી, ગાંધીનગર
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ/ગાધીનગર
- તિજોરી અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર
- પસંદગી ફાઈલ

Signature valid
Signed by:Satish Patel
Section Officer
Date: 2023.04.12
17:14:16 +05:30


Open the document in Adobe Acrobat DC to verify the E-sign